નડિયાદ મહાનગરપાલિકાના કરોડોના નવનિર્મિત ભવનમાં એન્જિનિયરિંગનો ફિયાસ્કો

# નડિયાદ મનપાના કમિશનરની ઓફિસનું સુશોભન પ્રથમ વરસાદમાં ધોવાઈ ગયું!

**રૂપિયા** ખર્ચીને માત્ર 'રૂપડા' દેખાતા ઇન્ટિરિયર પર અપાયું ધ્યાન અપાયાનો સૂર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

નડિયાદ મહાનગરપાલિકાના નવીનીકરણ પામેલા આલીશાન બિલ્ડિંગમાં સિવિલ એન્જિનિયરિંગની ગંભીર ખામીઓ પહેલા જ વરસાદમાં છતી થઈ છે. શહેરના રસ્તાઓની ચિંતા કરનાર તંત્રના પોતાના જ મુખ્ય મથકમાં સામાન્ય વરસાદમાં બીજા માળના કોમ્યુનિટી હોલમાંથી પાણી ટપકવાને બદલે ધોધની જેમ વહેવા લાગતા તંત્રની પોલ ખુલી ગઈ છે. આ ટેકનિકલ બેદરકારીને કારણે વરસાદી પાણી છેક કમિશનરની ઓફિસ સુધી પહોંચી ગયું હતું, જે નવીનીકરણની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે.



ઈજનેરી દ્રષ્ટિકોણથી તપાસતા જાણવા મળ્યું છે કે, નવીનીકરણ સમયે પીઓપી અને લાઈટિંગ જેવા ઈન્ટિરિયર ડેકોરેશન પર વધુ પડતો ભાર મૂકવામાં આવ્યો હતો, પરંતુ છતની જળરોધક ક્ષમતા સુનિશ્ચિત કરવામાં ઘોર બેદરકારી દાખવવામાં આવી હતી. સિવિલ એન્જિનિયરિંગના પાયાના નિયમ મુજબ ધાબા પર વરસાદી પાણીના નિકાલ માટે ચોક્કસ ઢાળ આપવો અનિવાર્ય છે, જેનો અહીં સદંતર અભાવ જોવા મળ્યો છે. છતમાંથી ધોધ વહેવો એ સ્પષ્ટ સંકેત છે કે એક્સપાન્શન જોઈન્ટ્સ યોગ્ય રીતે સીલ કરાયા નહોતા.

જ્યારે મહાનગરપાલિકાનું પોતાનું એન્જિનિયરિંગ વિભાગ પોતાની મુખ્ય કચેરીના બાંધકામ પર દેખરેખ રાખી શકતું નથી, ત્યારે શહેરના અન્ય પ્રોજેક્ટ્સની ગુણવત્તા કેટલી હશે તે અંગે જનતામાં શંકા જાગી છે. લાખોના ખર્ચે થયેલા ઈન્ટિરિયર પર પાણી ફરી વળતા પ્રોજેક્ટ મેનેજમેન્ટની નિષ્ફળતા ઉઘાડી પડી છે.

### મ્યુનિસિપલ કમિશનરે તપાસનો આદેશ આપ્યો

આ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને મ્યુનિસિપલ કમિશનર કિરણ ઝવેરીએ સઘન ટેકનિકલ તપાસના આદેશ આપ્યા છે. આ તપાસમાં માત્ર વપરાયેલા મટિરિયલની ગુણવત્તા જ નહીં, પરંતુ પાલિકાના સિવિલ વિભાગ દ્વારા કરવામાં આવેલા સુપરવિઝનનું પણ ઓડિટ કરવામાં આવશે. જો કોન્ટ્રાક્ટરની લાપરવાહી સાબિત થશે તો તેને 'શો કોઝ નોટિસ' ફટકારી કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# નડિયાદ મનપાનું ઈ-નગર પોર્ટલ માત્ર પ્રચાર માટેનું માધ્યમ બન્યું

**ટેક્સ** અને હોલ બુકિંગ સહિતની તમામ ઓનલાઈન સેવાઓ ઠપ


(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

વડાપ્રધાનના ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને નડિયાદ મહાનગરપાલિકાનું તંત્ર જાણે ઘોળીને પી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરીજનોને ઘરે બેઠા સુવિધાઓ મળે તે હેતુથી લાખોના ખર્ચે શરૂ કરાયેલું 'ઈ-નગર' ગુજરાત પોર્ટલ હાલ સંપૂર્ણપણે નિષ્ક્રિય અવસ્થામાં છે. આશ્ચર્યની વાત એ છે કે, વેબસાઈટ પર જનતાની સુવિધા માટેની લિંક્સ કામ કરતી નથી, પરંતુ પદાધિકારીઓના ફોટાઓ અડીખમ ચમકી રહ્યા છે.

નડિયાદ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન ટેક્સ ભરવા, બિલ્ડિંગ પરમિશન, લગ્ન નોંધણી, હોલ બુકિંગ કે દુકાનના લાયસન્સ જેવી મહત્વની સેવાઓ માટેની લિંક્સ તો મૂકવામાં આવી છે, પરંતુ તેના પર ક્લિક કરતા જ ટેકનિકલ ખામીઓના મેસેજ સામે આવે છે. તંત્રની આ ઘોર બેદરકારીને કારણે સામાન્ય નાગરિકો અને નોકરિયાત વર્ગને પોતાના કિંમતી સમયનો ભોગ આપીને કલાકો સુધી પાલિકાની કચેરીમાં લાઈનોમાં ઉભા રહેવું પડે છે.

### સાઈટ પર સર્વર એરરનો ભરડો

પોર્ટલ પર યુઝર્સને અલગ-અલગ પ્રકારની એરરનો સામનો કરવો પડી રહ્યો છે.




ક્યાંક '404 નોટ ફાઉન્ડ'ના મેસેજ આવે છે, તો ક્યાંક નડિયાદ શહેરનું નામ સિલેક્ટ કર્યા પછી સિસ્ટમ આગળ વધતી નથી. મોટાભાગની સેવાઓમાં 'તમારી રિક્વેસ્ટ પ્રોસેસ થઈ શકતી નથી' તેવો મેસેજ ડિસ્પ્લે થાય છે, જે સાઈટનું મેઈન્ટેનન્સ લાંબા સમયથી ન થયું હોવાની પ્રતીતિ કરાવે છે.

ચરોતરના ખેડૂતોને સાવચેતી સાથે વાવણીનું આયોજન કરવા સલાહ

# આણંદમાં ૨૧મી સુધી હળવાથી મધ્યમ વરસાદ થવાની આગાહી

**ચોમાસું ૨૦૨૬માં** સામાન્ય કરતાં ઓછો વરસાદ રહેવાની શક્યતા

### હવામાનમાં ભેજનું પ્રમાણ વધશે

**વરસાદ:** ૨૦મીથી ૨૧મી જૂન દરમિયાન હળવોથી મધ્યમ.
**તાપમાન:** મહત્તમ ૩૯ થી ૪૧ ડિગ્રી, લઘુત્તમ ૨૮ થી ૨૯ ડિગ્રી.
**ભેજનું પ્રમાણ:** ૩૦ થી ૮૦ ટકા.
પવનની ગતિ: ૧૪ થી ૧૭ કિમી/કલાક (દક્ષિણ-પશ્ચિમ દિશા).

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવેલા બુલેટિન મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન મુખ્યત્વે વાદળછાયું વાતાવરણ રહેશે. ખાસ કરીને ૨૦ અને ૨૧ જૂન દરમિયાન જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની પ્રબળ સંભાવના છે. ૨૦ જૂને અંદાજે ૫૪ મી.મી. અને ૨૧ જૂને ૨૦ મી.મી. વરસાદની આગાહી કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬ના દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને નિષ્ણાતોએ ખેડૂતોને યોગ્ય ખરીફ પાકો અને ટૂંકા ગાળાની જાતો પસંદ કરવા ખાસ અનુરોધ કર્યો છે.

હવામાન વિભાગના નિષ્ણાતોએ જણાવ્યું છે કે, વધુ ઝડપી પવન સામે રક્ષણ મેળવવા માટે ઉભા બાગાયતી અને શાકભાજી પાકોને લાકડા કે વાંસનો યાંત્રિક ટેકો આપવો જરૂરી છે. વાવણી પહેલાં જમીન ચકાસણી કરાવી લેવી અને બિયારણને ફૂગનાશક દવા જેવી કે થાયરમ અથવા મેન્કોઝેબનો પટ આપીને જ વાવણી કરવી જેથી જમીનજન્ય રોગોથી બચી શકાય. જે વિસ્તારોમાં પિયતની સગવડ હોય અથવા પૂરતો વરસાદ થયા બાદ જ ચોમાસું પાકોનું વાવેતર શરૂ કરવા જણાવ્યું છે. આ ઉપરાંત ડાંગરમાં વહેલી પાકતી જાતોમાં જીઆર-૫, ૮, ૯ અને ફેરરોપણી માટે મહીસાગર પસંદ કરવા ભલામણ કરવામાં આવી છે.

# નડિયાદ શહેરના ગેરેજમાંથી બાળ મજૂર મુક્ત કરાવાયો

**ગેરેજ માલિક** વિરુદ્ધ નડિયાદ ટાઉન પોલીસ મથકે ગુનો દાખલ કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

નડિયાદ શહેરના સંત અન્ના રોડ પર ચાલી રહેલા એક ગેરેજમાં સગીર વયના બાળક પાસે મજૂરી કરાવવામાં આવતી હોવાની બાતમીના આધારે શ્રમ વિભાગ અને જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા આકસ્મિક દરોડો પાડવામાં આવ્યો હતો. આ તપાસ ઝુંબેશ દરમિયાન એક બાળકને બાળ મજૂરીના ચુંગાલમાંથી મુક્ત કરાવી, કાયદાનું ઉલ્લંઘન કરનાર ગેરેજ માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નડિયાદ શહેરમાં બાળ મજૂરી નાબૂદી અભિયાન હેઠળ સરકારી શ્રમ અધિકારી વી. જે. ખાંગુડા અને જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટીની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન સંત અન્ના રોડ પર સ્થિત એક ગેરેજમાં રિયાઝહુસેન ગુલામનબી મલેક નામના શખ્સ દ્વારા એક સગીર બાળક પાસે વાહનો રિપેરિંગ સહિતની મજૂરી કરાવવામાં આવતી હોવાનું અધિકારીઓના ધ્યાને આવ્યું હતું. તંત્રએ તાત્કાલિક અસરથી બાળકને કામમાંથી અટકાવી તેને મુક્ત કરાવ્યો હતો.

આ સમગ્ર મામલે ગેરેજ માલિક સામે 'બાળ અને તરુણ પ્રતિબંધ અને નિયમન સુધારા કાયદા 2016' હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. શ્રમ વિભાગની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસે કાયદેસરની તપાસ શરૂ કરી છે. આ કડક કાર્યવાહીને પગલે શહેરમાં બાળ મજૂરી કરાવતા અન્ય એકમોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# વડોદમાં દહેજભૂખ્યા સાસરિયાના ત્રાસથી પરિણીતાનો આપઘાત

**લગ્નના** ટૂંકા ગાળામાં જ પિયરમાંથી નાણાં અને દાગીના લાવવા દબાણ કરી મારઝૂડ કરાતી હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદના વાસદ નજીક આવેલા વડોદ ગામના રૂપારેલ ભંડારવાળા ફળિયામાં એક હૃદયદ્રાવક ઘટના બની છે, જ્યાં માત્ર ૨૨ વર્ષની પરિણીતા પીનલ ઉર્ફે પિન્કીબેને સાસરિયાઓના અસહ્ય શારીરિક-માનસિક ત્રાસ અને દહેજની માંગણીથી કંટાળીને પોતાના ઘરે આત્મહત્યા કરી લીધી છે. આ બનાવને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને વાસદ પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે સાસરિયાઓ વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી તપાસ તેજ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નાપાડ વાંટા ગામે રહેતા મહેશભાઈ તળપદાની દીકરી પીનલના લગ્ન વર્ષ ૨૦૨૩માં વડોદ ખાતે રહેતા સંદીપભાઈ તળપદા સાથે થયા હતા. લગ્નજીવનના શરૂઆતના સમય બાદ સાસરિયાઓ દ્વારા પિન્કીબેનને નાની-નાની બાબતોમાં ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, પતિ સંદીપ, સસરા અરવિંદભાઈ અને સાસુ રમીલાબેન દ્વારા પીનલને ઘરકામ બાબતે તેમજ પિયરમાંથી રોકડ રકમ અને દાગીના લઈ આવવા માટે વારંવાર મહેણાં-ટોણાં મારવામાં આવતા હતા અને શારીરિક મારઝૂડ પણ કરવામાં આવતી હતી.

આ ઘટનાના એક દિવસ પૂર્વે એટલે કે ૧૬મી જૂન, ૨૦૨૬ના રોજ પીનલ રડતાં-રડતાં પોતાના પિયર આવી હતી અને સાસરિયાઓ દ્વારા ગુજારવામાં આવતા ત્રાસની આપવીતી જણાવી હતી. જોકે, પિયરના સભ્યોએ તેને સમજાવીને પરત સાસરીમાં મોકલી આપી હતી. કમનસીબે, બીજા જ દિવસે ૧૭મી જૂન, ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે પીનલે પોતાના સાસરીના ઘરે ગળેફાંસો ખાઈ લીધો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. હાલમાં પોલીસે ગુનો નોંધી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# બાલાસિનોરમાં દૂધ લેવા જતાં મહિલાનું એસટી બસ ટક્કરે મોત

**ઇન્દોર-**અમદાવાદ હાઇવે પર વડદલા પાસે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૯

બાલાસિનોર તાલુકાના વડદલા ગામની સીમમાં ઈન્દોર-અમદાવાદ હાઈવે પર ગઈકાલે સાંજે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આશીર્વાદ હોટલ નજીક રસ્તો ક્રોસ કરતી વખતે પૂરઝડપે આવતી ગુજરાત એસ.ટી. બસે એક ૩૪ વર્ષીય મહિલાને અડફેટે લેતા તેમનું ગંભીર ઈજાઓના કારણે કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

બાલાસિનોરના વડદલા ગામે રહેતા ૩૪ વર્ષીય મનીષાબેન નટવરભાઈ પરમાર સાંજના આશરે પાંચ વાગ્યે ગામની ડેરીએ દૂધ લેવા જવા નીકળ્યા હતા. હાઈવે પર આવેલી આશીર્વાદ હોટલ પાસે તેઓ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અમદાવાદથી દાહોદ તરફ જતી એસ.ટી. બસ (નંબર: GJ 18 ZT 2901) ના ચાલકે પોતાનું વાહન બેદરકારીપૂર્વક હંકારી મનીષાબેનને જોરદાર ટક્કર મારી હતી.

એસટી બસની ભયાનક ટક્કરને કારણે મહિલાને માથાના તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ સ્થાનિક લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક બાલાસિનોર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે રાજેન્દ્રભાઈ પરમારની ફરિયાદના આધારે બાલાસિનોર ટાઉન પોલીસે એસ.ટી. બસના ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ખેડા નગરપાલિકાની બેદરકારીની પરાકાષ્ઠા | આમંત્રણ પત્રિકામાં છબરડાનો ખડકલો

# ખેડાની પાલિકાએ આમંત્રણ પત્રિકામાં AIના ભરોસે માતૃભાષાનું અપમાન કર્યું!

**પત્રિકામાં હોદ્દા** અને નામોમાં ગંભીર ભૂલો છતાં વિતરણ કરાતા પાલિકા વહીવટ તંત્ર હાંસીપાત્ર બન્યું

(પ્રતિનિધિ) ખેડા તા.૧૯

ખેડા પાલિકાના વહીવટી તંત્રમાં કેટલી હદે લાપરવાહી અને બેજવાબદારી વ્યાપેલી છે તેનો વરવો નમૂનો જોવા મળ્યો છે. પાલિકા દ્વારા ૧૮મી જૂનના રોજ આયોજિત 'જન કલ્યાણ શિબિર' માટે તૈયાર કરવામાં આવેલી આમંત્રણ પત્રિકામાં ગુજરાતી ભાષાનું ચીરહરણ કરવામાં આવ્યું હોય તેમ ભારોભાર છબરડાં જોવા મળ્યા છે. આધુનિકતાના નામે એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) સોફ્ટવેરનો ઉપયોગ કરી ઉતાવળે તૈયાર કરાયેલી આ પત્રિકાએ માત્ર પાલિકાને જ નહીં પરંતુ સમગ્ર વહીવટી તંત્રને હાંસીપાત્ર બનાવી દીધું છે.




ખેડા નગરપાલિકાની આમંત્રણ પત્રિકામાં એક-બે નહીં પણ અનેક સ્તરે ગંભીર ભાષાકીય ભૂલો જોવા મળી હતી. ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર જેવા મુખ્ય અતિથિના હોદ્દામાં 'મુખ્ય અતિથિ'ને બદલે 'મુખ્ય અતિધિનં' જેવા અર્થહીન શબ્દો વાપરવામાં આવ્યા હતા. આટલું ઓછું હોય તેમ, ખુદ નગરપાલિકાના પ્રમુખના નામ અને હોદ્દામાં પણ ગંભીર છબરડાં હતા. ચીફ ઓફિસરનો હોદ્દો પણ શુદ્ધ ગુજરાતીમાં લખવાની તસ્દી તંત્રએ લીધી નથી, જે તેમની માતૃભાષા પ્રત્યેની અજ્ઞાનતા અથવા તો ઘોર બેદરકારી દર્શાવે છે.

સરકારના 'સ્વચ્છ શહેર'ના સૂત્રથી માંડીને 'અરજી સ્વીકાર' જેવા સામાન્ય શબ્દોના સ્થાને પણ ભળતા જ શબ્દો વંચાતા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે, આવી ક્ષતિગ્રસ્ત પત્રિકાનું વહીવટી તપાસ કે સુધારા વગર જ વિતરણ પણ કરી દેવામાં આવ્યું હતું. પાલિકાની આ ઉતાવળ અને ગંભીર ભૂલોને કારણે પંથકના જાગૃત નાગરિકોમાં ભારે રોષ અને હાસ્યની લાગણી જન્મી છે. ટેકનોલોજીનો ઉપયોગ પ્રગતિ માટે હોય છે, પરંતુ ખેડા પાલિકાએ તેને પોતાની બૌદ્ધિક દેવાળિયાપણું છુપાવવા અને ભાષાને હાંસીપાત્ર બનાવવા માટે વાપર્યું હોય તેમ જણાય છે.

# આંકલાવમાં પુત્રની નજર સામે જ એસ.ટી. બસે વૃદ્ધને કચડ્યા

**રોંગ સાઈડથી** આવતી બસે મોટરસાયકલ અને વૃદ્ધને અડફેટે લીધા

(પ્રતિનિધિ) આંકલાવ તા.૧૯

આંકલાવ-કોસીંદ્રા રોડ પર ખેતીવાડી સામે ગત રાત્રે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં રોંગ સાઈડથી આવતી એસ.ટી. બસે એક વૃદ્ધને કચડી નાખતા ચકચાર મચી ગઈ છે. આ અકસ્માતમાં ૬૦ વર્ષીય ચંદુભાઈ બુધાભાઈ પઢીયારનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

આ ઘટનાની વિગતો મુજબ, આંકલાવ-કોસીંદ્રા રોડ ચંદુભાઈ પઢીયાર રોડ પર પડી ગયા હોવાની જાણ થતાં તેમનો પુત્ર રાજુભાઈ તેના મિત્ર પ્રવિણભાઈ સાથે મોટરસાયકલ પર પિતાને લેવા પહોંચ્યો હતો. જ્યારે તેઓ પિતાને ઊભા કરીને મોટરસાયકલ પર બેસાડી રહ્યા હતા, ત્યારે જ આંકલાવ તરફથી આવતી બોરસદ ડેપોની એસ.ટી. બસના ચાલકે પોતાની બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં હંકારી હતી.

અલબત્ત, બસને ધસી આવતી જોઈ બંને યુવાનો સમયસૂચકતા વાપરી કૂદીને બાજુમાં હટી ગયા હતા, પરંતુ બેફામ બસે વૃદ્ધ અને મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે ચંદુભાઈનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે આંકલાવ પોલીસે બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માતના પગલે બેદરકાર એસટી ડ્રાઈવર સામે કડક કાર્યવાહી કરવા માગ ઉઠી હતી.

# નડિયાદના PSIએ વિશ્વના સૌથી ઊંચા કૃષ્ણ મંદિરે ધ્વજ લહેરાવ્યો

**પુત્ર અને** મિત્ર સાથે ૨૫ કિલોમીટરનું કપરું ટ્રેકિંગ ખેડી કિન્નોરના 'યૂલા કાંડા' પહોંચ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

નડિયાદ સ્થિત રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૭ના વાયરલેસ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંતોષકુમાર કતીરીયાએ ભક્તિ અને સાહસનો અનોખો સંગમ રચી હિમાચલ પ્રદેશના દુર્ગમ પહાડોમાં સ્થિત વિશ્વના સૌથી ઊંચા શ્રીકૃષ્ણ મંદિર 'યૂલા કાંડા'ની મુલાકાત લીધી છે. સમુદ્ર સપાટીથી ૧૩ હજાર ફૂટની ઊંચાઈએ બરફાચ્છાદિત પહાડો અને રોરા ઘાટી વચ્ચે આવેલા આ પવિત્ર ધામ સુધી પહોંચવા માટે તેમણે ૨૫ કિલોમીટરનું અત્યંત જોખમી ટ્રેકિંગ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

આ સાહસિક યાત્રા દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંતોષકુમાર કતીરીયાની સાથે તેમના ૨૫ વર્ષીય પુત્ર સાહીલકુમાર અને મિત્ર સતીષ શિન્દે પણ જોડાયા હતા. યાત્રાના પ્રારંભે જ રાત્રિના અંધારામાં ટ્રેકિંગ કરતી વખતે અચાનક ઉપરથી એક મોટો પથ્થર પડવાની ઘટના બની હતી, પરંતુ સમયસૂચકતાના કારણે ત્રણેયનો ચમત્કારિક બચાવ થયો હતો. ગાઢ જંગલો, સીધી ચઢાઈ અને કાતિલ ઠંડા પવનો વચ્ચે આશરે ૨૫ કિલોમીટરની પદયાત્રા ખેડીને તેઓ આખરે પવિત્ર સરોવરની મધ્યમાં બિરાજતા કૃષ્ણ ભગવાનના શરણે પહોંચ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંતોષકુમાર કતીરીયા અગાઉ પણ વિશ્વના સૌથી ઊંચા શિવ મંદિર તુંગનાથ મહાદેવ અને હેમકુંડ સાહેબ જેવા અતિ દુર્ગમ સ્થળોનું સફળ ટ્રેકિંગ કરી ચૂક્યા છે. પ્રતિકૂળ હવામાન અને પહાડોની પાતળી કેડીઓ વચ્ચે તેમની આ સફળતા પોલીસ દળ માટે પણ ગૌરવ સમાન બની રહી છે.

### ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ

ભૌગોલિક દ્રષ્ટિએ અત્યંત વિશિષ્ટ એવા આ સ્થળને 'હિમાલયના ગુપ્ત કૃષ્ણધામ' તરીકે ઓળખવામાં આવે છે. માન્યતા છે કે મહાભારતકાળ દરમિયાન પાંડવોએ અજ્ઞાતવાસમાં આ સરોવર અને મંદિરની સ્થાપના કરી હતી. અહીંની મૂર્તિ સ્વયંભૂ હોવાનું માનવામાં આવે છે. જન્માષ્ટમીના પવિત્ર તહેવારે અહીં કિન્નૌરી ટોપી સરોવરના પાણીમાં તરતી મૂકવાની અનોખી પરંપરા છે, જેમાં ટોપી ડૂબ્યા વગર પાર પહોંચે તો તેને શુભ સંકેત ગણાય છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
**કિશોર પ્લાઝા, આણંદ.**

**નડિયાદ**
**ઈશાન ન્યુઝ પેપર એજન્સી**
**સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ**

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**